# મહારાષ્ટ્ર અસ્થિરતા તરફ ધકેલાયું : શિવસેના

મુંબઈ,તા. ૨૦

મહારાષ્ટ્રમાં ભાજપને સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવવામાં સફળતા મળ્યાના એક દિવસ બાદ શિવસેનાએ ફરી એકવાર આક્રમક વલણ અપનાવ્યું હતું અને કહ્યું હતું કે, લોક્સભાની ચુંટણી દરમિયાન જે પ્રકારની નરેન્દ્ર મોદીની લહેર હતી તે પ્રકારની લહેર હવે નબળી પડી છે. મહારાષ્ટ્ર અસ્પષ્ટ ચુકાદા બાદ અંધાધુંધી અને અસ્થિરતા તરફ ધકેલાઈ રહ્યું છે. હવે સ્થિતિ બદલાઈ રહી છે. શિવસેનાએ ત્રિશંકુ વિધાનસભા અથવા તો ગૃહ વચ્ચે રાજ્યને મજબુત કરવાની બાબત ઉપર શંકા વ્યક્ત કરી હતી. શિવસેનાએ કહ્યું હતું કે, ભાજપ, કોંગ્રેસ અને એનસીપીને ચુંટણીમાં બહુકોણીય સ્પર્ધાથી સીધો ફાયદો થયો છે. આ પ્રકારના ચુકાદાથી તેઓ ખુશ છે કે કેમ તેવો પ્રશ્ન મતદારોએ પણ શિવસેનાએ કર્યો છે. શિવસેનાના મુખપત્ર સામનામાં પ્રકાશિત કરવામાં આવેલા તંત્રી લેખમાં શિવસેનાએ નરેન્દ્ર મોદીની ફરી એકવાર પરોક્ષરીતે ટીકા કરી છે અને કહ્યું છે કે, શિવસેના અને ભાજપ વચ્ચે ભંગાણ, ચાર અથવા પાંચ કોણીય સ્પર્ધાના લીધે વિભાજન તમામ જગ્યાએ જોવા મળ્યું છે જેથી ભાજપ, કોંગ્રેસ અને એનસીપીને ફાયદો થયો છે. ભાજપ શિવસેના વચ્ચે ભંગાણથી કોંગ્રેસ અનેસીપીને લાભ થયો છે. લોકસભા પરિણામોની વાત કરતા તેમણે કહ્યું હતું કે, આ બન્ને પાર્ટીને ૨૫ બેઠકો પણ મળી નહતી. પરિણામનો સંદર્ભમાં શિવસેનાએ કોઈ ટિપ્પણી



કરી નથી. કોઈપણ પાર્ટીને સ્પષ્ટ બહુમતી ન મળતાં રાજ્ય અસ્થિરતાના કારણે કઈ રીતે ટકી શકશે તે બાબત શંકાસ્પદ છે. મોદી અને ભાજપની પરોક્ષરીતે ટીકા કરતા જણાવાયું છે કે પ્રચાર દરમિયાન જે લહેર હતી તે નજીક આવતા નબળી પડી હતી. કેટલીક જગ્યાએ આ લહેર દેખાઈ નહતી. કેટલીક જગ્યાએ તેની અસર ઘટી હતી. લોકોએ કોઈપણ પાર્ટીને સ્પષ્ટ બહુમતી આપી નથી. જો કોઈ લોકો જીતની વાત કરી રહ્યા છે તો અમે તેમને અભિનંદન આપીએ છીએ. અમે મહારાષ્ટ્રની સેવા કરતા રહીશું કારણકે શિવસેના આ એકમાત્ર હેતુ ધરાવ છેં. ચુંટણી બાદ અમારો મત એ છે કે આ ચુકાદાથી તેઓ ખુશ છે તેવો પ્રશ્ન અમે લોકોને કરવા માંગીએ છીએ. મહારાષ્ટ્ર અસ્થિરતા અને અંધાધુંધી તરફ ધકેલાઈ રહ્યું છે. શિવસેના મજબુત અને સંગઠીત મહારાષ્ટ્ર માટે લડી હતી. દરમિયાન શિવસેનાની આજે વિધાનસભા પક્ષની બેઠક મળી હતી. નવા ચુંટાયેલા પક્ષના ધારાસભ્યો સાથે ઉદ્ધવ ઠાકરેએ સેના ભવનમાં બેઠક યોજી હતી. બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતાં સંજય રાઉતે કહ્યું હતું કે, અમે લોકાના ચુકાદાને સન્માનિય સ્વીકારીએ છીએ. જોકે ભાજપ સાથે ગઠબંધન અંગે કોઈ નિર્ણય કરાયો નથી. ધારાસભ્યોએ નેતાની પસંદગી કરવા ઉદ્ધવ ઠાકરેને જવાબદારી સોંપી છે.

## મનોહરલાલ હરિયાણામાં હવે મુખ્યપ્રધાન પદની સ્પર્ધામાં

ચંદીગઢ,તા. ૨૦

હરિયાણામાં મુખ્યમંત્રી પદ કોને મળશે તેને લઈને ભારે સસ્પેન્સની સ્થિતિ વચ્ચે મનોહરલાલ ખટ્ટર પણ સ્પર્ધામાં સૌથી આગળ દેખાઈ રહ્યા છે.

રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના કાર્યક્રમ મનોહરલાલ ઠક્કર મુખ્યમંત્રી પદ



માટે સૌથી પ્રબળ દાવેદાર દેખાઈ રહ્યા છે. પ્રથમ વખત ચુંટાયા હોવા છતાં કટ્ટર સૌથી અગ્રણી તરીકે ઉભરી આવ્યા છે. તેઓ ભાજપના રાજ્યપ્રમુખ રામવિલાસ શર્મા, ભાજપ પ્રવક્તા અભિમન્યુ, વરિષ્ઠ ધારાસભ્ય અનિલ વિજ અને ભાજપ કિશાન સેલના નેતા ઓબી ધનકાર સૌથી આગળ દેખાઈ રહ્યા છે. આ તમામ ચુંટાયેલા ધારાસભ્યો છે. ૬૦ વર્ષીય ખટ્ટર કરનાલ બેઠક પરથી ૬૩૭૩૬ મતે જીત્યા છે. તેઓ આરએસએસના પ્રચાર તરીકે છેલ્લા ૪૦ વર્ષથી રહ્યા છે. છેલ્લા ૨૦ વર્ષથી ભાજપના સક્રિય સભ્ય તરીકે પણ તેઓ રહ્યા છે. ભાજપ સંસદીય બોર્ડ દ્વારા ઓબ્જર્વર તરીકે કેન્દ્રીય પ્રધાન વૈંકેયા નાયડુ અને વરિષ્ઠ નેતા દિનેશ શર્માને મોકલી દેવામાં આવ્યા છે. આ બેઠક આવતીકાલે યોજાય તેવી શક્યતા છે.

## મની લોન્ડ્રીંગ કેસ : આરોપો ઘડવા અંગે ૩૧મીએ ચુકાદો

નવી દિલ્હી,તા. ૨૦

ટુજી કૌભાંડ સંબંધિત મની લોન્ડરીંગ કેસમાં આરોપો ઘડવાના મામલામાં ખાસ અદાલતે તેનો ચુકાદો ૩૧મી ઓક્ટોબર સુધી મોકુફ કરી દીધો હતો. આ કેસમાં ઈડી દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. હવે આરોપો ઘડવા અંગેના આદેશ ૩૧મી ઓક્ટોબરે અપાશે. પૂર્વ ટેલીકોમ પ્રધાન એ રાજા, સાંસદ કાની મોઝી, ડીએમકે વડા કરુણાનિધિના પત્ની દયાળુ અમલ અને અન્ય ૧૬ સામે ઈડી ચાર્જશીટ ધરાવે છે. સ્પેશિયલ જજ ઓપી સૈની આજે આરોપો ઘડવા અંગેનો ચુકાદો આપનાર હતા. પરંતુ હવે ૩૧મી ઓક્ટોબર સુધી આ મામલો મોકુફ કરી દીધો હતો અને કહ્યું હતું કે આ આદેશ હજુ સુધી વાંચવામાં આવ્યો નથી. ૧૦ વ્યક્તિગતો અને ૯ કંપનીઓ સહિત ૧૯ આરોપીઓ સામે ઈડી દ્વારા ચાર્જશીટ દાખલ કરવામાં આવી ચુકી છે. ૨૦૦ કરોડ રૂપિયાના મની લોન્ડરીંગમાં આ તમામ સામેલ હોવાનો આક્ષેપ કરવામાં આવી ચુક્યો છે. તપાસ સંસ્થાએ દાવો કર્યો હતો કે, શ્રેણીબદ્ધ લેવડ-દેવડ કરવામાં આવી ચુકી છે. ૨૦૦ કરોડ રૂપિયા ડીબી ગ્રુપમાંથી ડીએમકે સંચાલિત કલેગ્નર ટીવીમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. કુસેગાંઉ ફ્રુટ્સ એન્ડ વેજીટેબલ પ્રાઈવેટ લિમિટેડ અને સિનેયુગ ફિલ્મ્સ પ્રાઈવેટ લિમિટેડ મારફતે કલેગ્નર ટીવીમાં જંગી રકમ ટ્રાન્સફર કરાઈ હતી. જોકે આરોપીઓએ ઈડીના દાવા સામે વળતી દલીલ કરી હતી અને કહ્યું હતુ કે, સંસ્થા દ્વારા કરાયેલા આક્ષેપોને ટેકો આપે તેવા કોઈ પુરાવા નથી. રાજા અને કાનીમોઝી તરફથી ઉપસ્થિત રહેલા વકીલે કોર્ટમાં દલીલ કરી હતી કે ઈડીની ફરીયાદની સાથે દાખલ કરવામાં આવેલા દસ્તાવેજો એ બાબત સાબિત કરતા નથી કે ડીબી ગ્રુપમાંથી કલેગ્નર ટીવીમાં ૨૦૦ કરોડ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. આવી જ રીતે સ્વાન ટેલીકોમ પ્રાઈવેટ લિમિટેડના પ્રમોટર્સ શાહીદ ઉસ્માન બલવા અને વિનોદ ગોઈન્કા સહિત અન્ય આરોપીઓએ દલીલ કરી હતી કે, કથિત ગુના અને અન્ય કાર્યવાહીના સંબંધમાં તેમને અપરાધી જાહેર કરે તેવા કોઈ પુરાવા નથી. ઈડીના જણાવ્યા મુજબ કાનીમોઝી અને સહ આરોપી તથા કલેગ્નર ટીવીના એમડી સરદકુમાર ટીવી ચેનલમાં ૨૦-૨૦ ટકાની હિસ્સેદારી ધરાવે છે જ્યારે દયાલુ અમ્મલ ૬૦ ટકા હિસ્સેદારી ધરાવે છે.

## આંધ્ર : ફટાકડા એકમમાં બ્લાસ્ટ થતાં આઠના મોત

હૈદરાબાદ,તા. ૨૦

આંધ્રપ્રદેશના દરિયાકાંઠાના પૂર્વ ગોદાવરી જિલ્લામાં ફટાકડા બનાવતા એકમમાં પ્રચંડ વિસ્ફોટ થતાં આઠ લોકોના મોત થયા છે અને અનેક લોકો ઘાયલ થયા છે. જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. પોલીસ અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે, ફટાકડા બનાવતા એકમમાં પ્રચંડ બ્લાસ્ટ થયો હતો. આઠ લોકોના મોતના અહેવાલ મળી ચુક્યા છે.

બનાવની જાણ થતાં જ વરિષ્ઠ પોલીસ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને સમગ્ર મામલામાં તપાસ હાથ ધરી હતી. સાથે-સાથે આગ પર કાબુ મેળવવામાં આવ્યો હતો. જિલ્લા હેડક્વાટર્સ શહેર કાકીનાડા નજીક બીચથી પાંચ કિલોમીટરના અંતરે અુપ્પાડા કોઠાપલ્લી ખાતે ફટાકડા એકમ છે. બ્લાસ્ટ માટેનું કારણ જાણી શકાયું નથી. જોકે બેદરકારીના કારણે આ બ્લાસ્ટ થયો હોવાનું જાણવા મળેલ છે. હાલમાં ફટાકડા બનાવવાના કારોબારમાં જોરદાર તેજી છે. કારણકે દિવાળી બિલકુલ નજીક છે. હાલમાં ફટાકડા બનાવતા એકમો માટે ઘણા નિતી નિયમો બનાવવામાં આવ્યા હોવા છતાં વારંવાર આવા બનાવો બની રહ્યા છે.

## તબીબી સંશોધનમાં ભારત ખૂબ પાછળ : નરેન્દ્ર મોદી

નવી દિલ્હી,તા. ૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે કહ્યું હતું કે ભારત મેડિકલ સંશોધનના ક્ષેત્રમાં ખૂબ જ પાછળ રહી ગયું છે. આ દિશામાં વધુ પગલા લેવાની જરૂર છે. ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડિકલ સાયન્સના ૪૨માં વાર્ષિક કનવોકેશનને સંબોધતા મોદીએ કહ્યું હતું કે, ભારત મેડિકલ સંશોધનના ક્ષેત્રમાં ખૂબ જ પાછળ રહી ગયું છે. ભારતને આ દિશામાં વધુ પગલા લેવાની જરૂર છે. તેમણે કહ્યું હતું કે, સંશોધન અને ખાસ કરીને કેસ ઈતિહાસ તરફ ધ્યાન આપવાની જરૂર છે. માનવજાતને આ રીતે વધુ યોગદાન આપી શકાય છે. નરેન્દ્ર મોદીએ કન્વોકેશન કાર્યક્રમમાં ખાસ મહેમાન તરીકે હાજરી આપી હતી. મોદીએ કહ્યું હતું કે, અમે ખાસ મહેમાનોની પરંપરા શરૂ કરી શકીએ છીએ. ખાસ મહેમાન તરીકે ગામની સ્કુલથી ધોરણ-૮ અને ૯ના વિદ્યાર્થીઓની પસંદગી કરી શકાય છે. આ વિદ્યાર્થીઓને આમંત્રણ આપવા જોઈએ જેથી વિશ્વમાં શું થઈ રહ્યું છે તે અંગે બાળકો સમજી શકે. મોદી આ કાર્યક્રમમાં પણ છવાયેલા રહ્યા હતા તેમણે કહ્યું હતું કે, વિદ્યાર્થીઓને આગળ લાવવા અને તેમના સ્વપ્ન પૂર્ણ કરવાની જરૂર છે. લાંબા ગાળે વિદ્યાર્થી તરીકેની કુશળતા જાળવી રાખવા વડાપ્રધાને અપીલ કરી હતી અને કહ્યું હતું કે, વિદ્યાર્થી લાઈફ પુરી થઈ ગઈ છે તે અંગે ક્યારેય વિચારવું જોઈએ નહીં. નોલેજ માટે હમેશા ભૂખ રહે છે. શિખવાની બાબત ક્યારેય બંધ થતી નથી. વડાપ્રધાને કહ્યું હતું કે, વિદ્યાર્થી તરીકે પોતાને હમેશા જીવંત રાખવામાં આવે તે ખૂબ જરૂરી છે. તેમણે એમપણ કહ્યું હતું કે, એમ્સ દ્વારા જુદા જુદા ક્ષેત્રોમાં સહકારની જરૂર છે. ક્લાસરૂમથી લઈને મોટા ક્લાસરૂમ સુધી એકલવ્ય જેવી વિચારધારા હમેશા રાખવી જોઈએ. તેમણે કહ્યું કે, વિદ્યાર્થી હમેશા નવી નવી બાબતો શીખી શકે છે.

**રાષ્ટ્રવ્યાપી યુનિફાઇડ ટેક્સ વ્યવસ્થા રહેશે**

## જીએસટી એપ્રિલ ૨૦૧૬થી અમલી બને તેવી સંભાવના

નવી દિલ્હી,તા. ૨૦

સુધારા પગલા જીએસટીને અમલી બનાવવાની દિશામાં સરકાર આગળ વધી રહી છે.ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) વ્યવસ્થા હેટળ દેશભરમાં એકસમાન ટેક્સ વ્યવસ્થા રહેશે. ભારતમાં હાલ જુદા જુદા માર્કેટ છે. જે પૈકી દરેક રાજય ચીજવસ્તુઓ અને સર્વિસ પર જુદા જુદા ટેક્સ વસુલ કરે છે. જો આને અમલી બનાવી દેવામાં આવશે તો કેટલાક ટેક્સ જતા રહેશે. જેમા સર્વિસ ટેક્સનો સમાવેશ પણ થાય છે. આનાથી એકસમાન રાષ્ટ્રીય બજાર સર્જાશે. સર્વિસ માટે પણ આજ વ્યવસ્થા રહેશે. પ્રાપ્ત અહેવાલ મુજબ મોદી સરકાર બંધારમીય સુધારા બિલ સંસદના શિયાળુ સત્રમાં રજૂ કરશે. જેનાથી જીએસટી અમલીકરણ માટે રૂપરેખા તૈયાર કરી લેવામાં આવશે. સૌથી પહેલા પ્રોડકટસ અને ત્યારબાદ સર્વિસ માટે આ વ્યવસ્થા રહેશે. ટેક્સ સુધારાને અમલી બનાવવાને લઈને કેટલાક રાજ્યો વાંધો ઉઠાવી રહ્યા છે. કારણ કે આ રાજ્યોને એવી દહેશત છે કે જો જીએસટી અમલી બનશે તો તેમની ફિસ્કલ સત્તા અને ટેક્સ રેવેન્યુને નુકસાન થશે. દરેક રાજયને એવી ચિંતા છે કે જો જીએસટી લાગુ કરવામાં આવશે તો તેઓ રેવેન્યું ગુમાવશે. સુત્રોએ કહ્યું હતું કે સીએસટીને તબક્કાવાર રીતે દુર કરવા માટે પ્રથમ ત્રણ વર્ષ માટે ૩૫૦૦૦ કરોડની યોજના કેન્દ્ર સરકારે તૈયાર કરી છે. જેના ભાગરૂપે મહેસુલી નુકસાન માટે તેમને વળતર આપવામાં આવનાર છે. આ વળતરને લઈને પણ કેટલીક દુવિધા રહેલી છે.જીએસટીને અમલી કરવાને લઈને ઘણા સમયથી ગૂંચ રહી છે.

## બિહાર અને પશ્ચિમ બંગાળમાં ભગવો લહેરાવવા માટે તૈયારી

નવી દિલ્હી,તા. ૨૦

લોકસભાની ચૂંટણીમાં ઐતિહાસિક જીત મેળવ્યા બાદ નરેન્દ્ર મોદી અને અમિત શાહની જોડી ભગવો ચારેબાજુ લહેરાવાવાની જોરદાર તૈયારીમાં લાગી ગયા છે. હરિયાણા અને મહારાષ્ટ્રમાં જોરદાર સફળતા મળ્યા બાદ ભાજપના કાર્યકરોમાં ઉત્સાહ અનેક ગણો વધી ગયો છે. મોદી અને શાહની જોડી હવે અન્ય રાજ્યોમાં પણ ભાજપના નેટવર્કને વધારે ફેલાવવા અને તેને મજબુત કરવાની તૈયારી કરી રહી છે. મોદી અને શાહની નજર હવે બિહાર અને પશ્ચિમ બંગાળ પર કેન્દ્રિત થઈ ગઈ છે. આ બન્ને રાજ્યોમાં પણ ભાજપ જોરદાર નેટવર્ક સ્થાપિત કરવાની તૈયારીમાં છે. સુત્રોએ કહ્યું છે કે બિહારમાં નિતિશ કુમારની પાર્ટીનો સફાયો કરવા અને તચેમની પાસેથી બિહારમાં સત્તા આંચકી લેવાની મોદી અને અમિત શાહની યોજના છે. તેમની પ્રાથમિકતાની યાદીમાં બિહાર સામેલ છે. ઉપરાંત પશ્ચિમ બંગાળમાં મમતાના મુખ્ય હરિફ તરીકે મેદાનમાં આવવા માટેની પણ તૈયારી કરી છે. આ બન્ને બાબત પ્રાથમિકતાની યાદીમાં છે. નિતિશ અને મમતાના સમર્થકો ભાજપની વધતી જતી શક્તિથી હચમચી ઉઠ્યા છે. સૌથી પહેલા ઝારખંડમાં ચૂંટણી યોજનાર છે. પરંતુ આ વર્ષના અંત પહેલા નવી ગણતરી પણ કરવામાં આવી રહી છે. આ વર્ષના અંત પહેલા ઝારખંડમાં ચૂંટણી શે. જેથી સૌથી પહેલા અમિત શાહ જેએમએમ અને કોંગ્રેસની બિનલોકપ્રિયતાનો લાભ લેવા માટે તૈયાર છે. આ વર્ષે જ જમ્મુ કાશ્મીરમાં પણ ચૂંટણી યોજાનાર છે. જેથી આ બન્ને રાજ્યો હવે પ્રાથમિકતાની યાદીમાં આવી ગયા છે. રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં આ બન્ને રાજ્યોમાં પક્ષની સ્થિતીને મજબત કઈ રીતે કરી શકાય તેના પર મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. બિહારમાં ।જાતિવાદી પરિબળો સૌથી વધારે પડકારરૂપ છે. લોકસભાની ચૂંટણીમાં મોદીએ નિતિશની પાર્ટીનો સફાયો કરી દીધો હતો. જેથી નિતીશને તેમના નજીકના હરિફ લાલુ સાથે હાથ મિલવવાની ફરજ પડી હતી.

## અમિત શાહ હવે બીજા સૌથી પ્રભાવશાળી નેતા

નવી દિલ્હી,તા. ૨૦

ગુજરાતના બે શક્તિશાળા નેતા નરેન્દ્ર મોદી અને અમિત શાહ દેશની રાજનિતીમાં હાલ સૌથી પ્રભાવ શાળી નેતા તરીકે ઉભરી ચુક્યા છે. વડાપ્રધાન નરેનેદ્ર મોદી બાદ અમિતશાહ હવે બીજા સૌથી પ્રભાવશાળી રાજકારમી તરીકે ઉભરી ચુક્યા છે. મોદી અને શાહની જોડી ભાજપને લોકપ્રિયતાની ચરમસીમા પર પહોંચાડી દેવામાં સફળ રહ્યા છે. આજે મોદી દેશના વડાપ્રધાન બની ચુક્યા છે જ્યારે અમિત શાહ ભાજપને એકપછી એક સફળતા અપાવ્યા બાદ બાજપ પ્રમુખ તરીકેની જવાબદારી સંભાળી રહ્યા છે. મહારાષ્ટ્ર અને હરિયાણામાં પાર્ટની જીત બાદ સાબિત થઇ



ગયું છે કે આ બન્ને નેતાઓ હવે જોરદાર પક્કડ રાજનિતીમાં ધરાવે છે. મોદી માટે શાહ સૌથી વિશ્વાસપાત્ર તરીકે રહ્યા છે. મોદીની લોકપ્રિય અપીલને અભૂતપૂર્વ મતમાં ફેરવી નાંખવામાં અમિત શાહ સફળ રહ્યા છે. મોદીનો સંપૂર્ણ વિશ્વાસ જીતવાની બાબત સરળ નથી. અમિત શાહે જ મહારાષ્ટ્ર અને હરિયાણામાં વિધાનસભાની ચૂંટણી એકલા હાથે લડવાનો નિર્ણય કર્યો હતો. તેમના શુભેચ્છકોએ આ જોખમને લેવા સામે અમિત સાહને સલાહ આપી હતી. પરંતુ અમિત શાહે જોખમ લઇને ચૂટણી મેદાનમાં ઉતરવાનો નિર્ણય કર્યો હતો. વિધાનસભાની પેટાચૂંટણીમાં ભાજપને આંશિક પીછેહટ સાંપડ્યા બાદ અમિત શાહે મોટો ખતરો લીધો હતો. જો કે તેઓ પરિસ્થિતીથી વાકેફ હતા. આમાં હવે સફળતા મળી છે.

બન્ને રાજ્યોમાં ભાજપને જીત મળી છે. મોદી અને શાહની જોડી જાણીતી થઇ ગઇ છે. શાહની આક્રમક ટીમમાં કેટલાક એવા સભ્યો છે જે ભાજપને જીત અપાવવા માટે મક્કમ રહે છે. શાહે જે ટીમ તેમની બનાવી છે તેમાં કૈલાશ વિજય વર્ગિયા, રાજીવ પ્રતાપ રૂડી, રાધામોહન સિંહ, સંતોષ ગંગવાર, મનોજ સિંહાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત તેમની ટીમમાં ભુપેન્દ્ર ।યાદવ, સુનિલ બંસલ, જગત પ્રકાશ નડ્ડા, અનિલ જૈન, ધર્મેન્દ્ર પ્રધાનનો સમાવેશ થાય છે.

### હરિયાળું હરણોધાન (પાના નં. ૪ નું ચાલુ)

‘હાં, આ વિશાળકાય જીવ અત્યારે જોખમગ્રસ્ત જીવોની યાદીમાં આવી ગયો છે.’

‘તો... તો પછી તેને બચાવવાના ઉપાયો થવા જોઈએ ખરૂં ને?’

‘હાં... સરકાર દ્વારા તેને બચાવવાના ઉપાયો થાય જ છે. ઉપરાંત સ્વૈચ્છિક સંગઠનના કાર્યક્રમોએ પણ આ કામ ઉપાડી લીધું છે. બ્લ્યુ વ્હેલને બચાવવાનું એક મોટું અભિમાન દરિયા કિનારે ઊભું થયું છે.’ તુષારે કહ્યું, તેથી સૌને સંતોષ થયો.

સાંજ ઢળતાં અને અંધારું વધવા લાગતાં મુલાકાતીઓ પાછા ફરવા માટે ઉતાળવા થવા હતા. વૃક્ષો પર પંખીઓનો કલરવ વધ્યો હતો તે કચ્છી ભુંગાની પાસે મોરનું એક ટોળું આવીને નિશ્ચિંત પણે ચણતું હતું. દૂર ઝાડ પર વાંદળ ટોળી કુદમંકુદ કરતી હતી. હું તેમની પાસેથી આગળ વધ્યો.

(ક્રમશઃ)

### મોંઘેરા મોતી (પાના નં. ૪ નું ચાલુ)

ઉપરાંત ગુર્જર સુતાર જ્ઞાતિની ૨૮ વર્ષથી ચાલતી સંસ્થા શ્રી ગજ્જર સોશ્યલ ગૃપમાં ઉત્પલાબેને ૨૦ વર્ષ સુધી મહિલા સમિતિની પાંખ હેઠળ વિવિધ સેવાઓ આપેલ છે. તેમના માર્ગદર્શન હેઠળ વર્ષો સુધી સાંસ્કૃતિક કાર્યક્રમો, રાસ-ગરબા અને નાટકોનું આયોજન થતું રહે છે. જ્ઞાતિ દ્વારા વિશિષ્ટ પ્રતિભા તરીકે ઉત્પલાબેનનું સન્માન કરવામાં આવ્યું છે. તેઓશ્રી જુદી જુદી સંસ્થાઓ તેમજ શાળાઓ દ્વારા યોજાતા ગીતસંગીતના કાર્યક્રમોમાં તેમજ આર્ટના કાર્યક્રમોમાં માર્ગદર્શક તેમજ નિર્ણાયક તરીકેની સેવાઓ આપે છે. હાલમાં કાઠિયાવાડ બાલાશ્રય સંચાલિત શાળા જસાણી વિદ્યાલયમાં સંગીત તેમજ આર્ટ શિક્ષક તરીકેની પાર્ટટાઈમ સેવા આપે છે. ભગવાન વિશ્વકર્માને પણ ગૌરવ થાય તેવી કલાના કલાકારશ્રી ઉત્પલાબેનને અનેક શુભકામનાઓ પાઠવીએ....

### વિચારયાત્રા (પાના નં. ૪ નું ચાલુ)

જૂના જમાનાના એક આજના પણ ખાનદાન શ્રીમંતો પણ પોતાની પાસેના ધનનું પ્રદર્શન કરવામાં કે ધનને ઉડાવવામાં માનતા નથી. ફોર્બ્સના શ્રીમંતોની યાદીમાં જેનું ત્રીજું સ્થાન છે તે વોરન બફેટ આજે પણ પોતાના વતનમાં આવેલા ત્રણ બેડરૂમના ફલેટમાં અગાઉની જેમ રહે છે અને જૂનો કોટ પહેરે છે.

ભારતનાં એક અખબારી જૂથનાં માલિક સન્નારીનું નામ ફોર્બ્સની યાદીમાં જાહેર કરવામાં આવ્યું ત્યારે તેમણે ફોર્બ્સ મેગેઝિનને પત્ર લખીને વિરોધ પ્રદર્શિત કર્યો હતો. ઈન્ફોસિસના અધ્યક્ષ નારાયણ મૂર્તિનાં પત્ની સુધા મૂર્તિ આજે પણ બસમાં પ્રવાસ કરવામાં સંકોચ નથી અનુભળતાં અને ખાદીનાં વસ્ત્રો જ પહેરે છે. જેમણે પોતાની સાત પેઢીમાં લક્ષ્મી જોઈ નથી અને જેઓ એક પ્રકારની લઘુતાગ્રંથિથી પીડાતા હોય છે, તેઓ જ ધનનું પ્રદર્શન કરવામાં બહાદુરી સમજે છે. આ એક પ્રકારનો મનોરોગ છે. ભારતમાં માયાવતી જેવા રાજકારણીથી માંડીને અનેક અબજોપતિઓ આ મહારોગથી પીડાઈ રહ્યા છે.

આજની નવી પેઢીને એ વાત સમજાવવાની જરૂર છે કે જીવનની બધી ખુશીઓ ધનથી ખરીદી શકાતી નથી. કૌટુંબિક સુખ, સારું આરોગ્ય, માનસિક શાંતિ, મિત્રોની હૂંફ, સામાજિક પ્રતિષ્ઠા, સુખી લગ્નજીવન, ચારિત્ર્ય, સંતાનોના સંસ્કાર અને એવી કેટલીય ચીજો છે જો અબજો રૂપિયા આપીને પણ ખરીદી શકાય તેમ નથી. જેમની પાસે કરોડો રૂપિયા ન હોય તેઓ પણ આ બધાં સુખ માણી શકે છે અને અબજોપતિઓ પણ તેનાથી વંચિત રહી જાય છે. તમારી પાસે જો ધન હોય તો તમારા પરિવારને આવશ્યક ધન રાખીને તેનો પરકલ્યાણમાં ઉપયોગ કરવો જોઈએ. ભારતના કોઈ મેગેઝીને હવે પરોપકારનાં કાર્યો માટે પોતાના ધનનો ઉપયોગ કરનારા ૧૦૦ ભારતીય શ્રીમંતોની યાદી બહાર પાડવી જોઈએ. ચાણક્યે કહ્યું છે કે ‘તિજોરીમાં રાખેલું ધન સડી જાય છે; પણ પરોપકારનાં કાર્યોમાં વાપરવામાં આવેલું ધન અનેકગણું વૃદ્ધિ પામે છે.’ આ ઉપદેશનો ભારતના અનેક શ્રીમંતો આજે પોતાના જીવનમાં અમલ કરી રહ્યાં છે.

### સમાચાર ઝલક

- **દેશની ૭ ટોચની કંપનીઓની મુડીમાં ૮૪૦૦૦ કરોડનો વધારો.**
- **જગદગુરુ સ્વામી સ્વરૂપાનંદજીના નિવેદનથી દલિત સમાજમાં રોષ.**
- **ફિલ્મમાં નવી અને નાની વયની અભિનેત્રીની માંગ વધી.**
- **રાજકોટમાં મહિલા પોલિસ સબ ઈન્સ્પેકટર લાંચ લેતા ઝડપાયા.**
- **ગાંધીનગર-સરખેજ હાઈવે પર ટોલટેક્ષની દરખાસ્ત ફગાવાઈ.**
- **આજે ધનતેરસે સોના-ચાંદીનો ૩૫ ટકા ધંધો વધવાની અપેક્ષા.**
- **સુરતના શિક્ષકે સાપુતારામાં પત્નીની હત્યા કરી. લાશ સાથે પોલીસ મથકે હાજર થયો.**
- **જમીનની તંગીના કારણે ઈઝરાયલમાં હવે બહુમાળી કબ્રસ્તાન જેને લોકોએ આનંદથી સ્વીકારી છે.**
- **સીયાચીન ગ્લેશીયરમાં ભારતીય જવાનની ૨૧ વર્ષ પૂર્વે તોફાનમાં દટાયેલ લાશ અકબંધ મળી આવી.**
- **નેપાળમાં ફોનના દરમાં ૩૫ ટકાનો ઘટાડો થયો.**
- **રૂ. ૧૦૦૦નો સિક્કો બજારમાં આવશે.**
- **કાળુ નાણું પાછું લાવવા માટે આંદોલનની ચીમકી ઉચ્ચારતા અણ્ણા હજારે.**
- **દિવાળીના તહેવારોમાં ગુલાબ-ગલગોટાના ભાવો આસમાને.**
- **દેશમાં ૪ લાખ રૂની ગાંસડીઓનું વિક્રમી ઉત્પાદન થશે.**
- **દિપાવલી ઉપર ચાર ગ્રહોની શકિતશાળી યુતિથી તહેવારો ઝમગમગી ઉઠશે.**
- **‘યુવરાજ’ નામનો પાડો રોજના રૂ. ૧૦ લાખ કમાવી આપે છે. માલિક ૭ કરોડમાં વેચવા તૈયાર નથી જે પશુમેળામાં ચેમ્પિયન બનેલ છે.**